# ગઝલ–ઉર્વીશ

– ઉર્વીશ વસાવડા

## .1.

જાતની સાથે જ સોબત થઈ ગઈ,
એકલા રહેવાની આદત થઈ ગઈ.

એક આંસુ કો'કનું લુંછી દીધું,
જો ખુદા કેવી ઈબાદત થઈ ગઈ.

આયના સામે કશા કારણ વગર,
આજ બસ, મારે અદાવત થઈ ગઈ.

શબ્દ ખુલ્લે આમ વહેંચ્યો છે બધે,
કેવડી મોટી સખાવત થઈ ગઈ !

એમણે પીડા વીશે પુછ્યા પછી,
કેટલી પીડામાં રાહત થઈ ગઈ !

કાલ મન ઉજ્જડ હતું પણ આજ તો,
કૈંક સ્મરણોની વસાહત થઈ ગઈ.

## .2.

કાચ તુટ્યો એક પથ્થરની કથા પુરી થઈ,
શબ્દ પ્રગટ્યો એક અક્ષરની કથા પુરી થઈ.

ટોડલે બાંધેલ તોરણને ખબર પણ ના પડી,
કેમ ? ક્યારે ? એક અવસરની કથા પુરી થઈ.

એક ફળ સાથે જ થઈ આરંભ માનવની કથા,
એ ક્ષણે ત્યારે જ ઈશ્વરની કથા પુરી થઈ.

એમણે આવી, સહજ આંસુ લુંછ્યું મારું, પછી
કૈંક પીડા, કૈંક કળતરની કથા પુરી થઈ.

શ્વાસની સાથે વણાઈ છે જીવનની હર પીડા,
શ્વાસની સાથે જ જીવતરની કથા પુરી થઈ.

**.3.**

આ ચરણને શું થયું છે એ જ સમજાયું નહીં,
બારણાં ખોલ્યાં પછી પણ બહાર નીકળાયું નહીં.

રંગ, પીંછી, કાગળો, ને આંખ સામે એ હતા,
ચીત્ર એનું તે છતાં મારાથી ચીતરાયું નહીં.

ખીણની ધારે ઉભા રહી નામ જે વ્હેતું કર્યું,
છે પ્રતીક્ષા આજ પણ, એ નામ પડઘાયું નહીં.

કૈંક તો ઓછપ હશે આ આપણી પીડા મહીં,
એટલે તો આંસુઓનું પાત્ર છલકાયું નહીં.

પત્રની પહેલી લીટીના સહેજ સંબોધન પછી,
એ અભીવ્યક્તીનું ધોરણ ક્યાંય જળવાયું નહીં.

**.4.**

ચીત્કાર જેવું કૈંક છે પ્રત્યેક શ્વાસમાં,
ને કમનસીબે કોઈ નથી આસપાસમાં.

વર્ષો વીતી ગયાં, છતાં ન ઓળખી શક્યો,
એવું ફરે છે કોણ આ મારા લીબાસમાં?

સુરજ ડુબી જવાની પ્રતીક્ષા કરો હવે,

ના આગીયાઓ હોય દીવસના ઉજાસમાં.

તથ્યોની આરપાર નીકળવું કઈ રીતે,
ભટક્યા કરે છે કેટલા એની તપાસમાં !

અન્યોને દોષ આપવો કેવી રીતે પછી,
મારો જ હાથ હોય જ્યાં મારા રકાસમાં.

**.5.**

એ કશું બોલ્યા વગર બેચેન રાખે છે મને,
કો'ક તો મારી ભીતર બેચેન રાખે છે મને.

હું હવે વ્યક્તી મટીને ભીડ છું ને તે છતાં;
ચાંપતી કોઈ નજર બેચેન રાખે છે મને.

એટલે ઉંઘી શક્યો ના હું કદાપી મોજથી,
કાલ ઉઠવાની ફીકર બેચેન રાખે છે મને.

છે દીવાલો ખુબ આઘે ને કદી દેખાય ના,
એક એવું કાચઘર બેચેન રાખે છે મને.

કાફલો મંઝીલ ઉપર પ્હોંચી જશે નક્કી જ છે,
તે છતાં આખી સફર બેચેન રાખે છે મને.

કૈંક તો ચાલ્યું જશે સાવ જ અચાનક દેહથી,
એ હકીકત ઉમ્રભર બેચેન રાખે છે મને.

**.6.**

સૌ પલળવા બહાર આવો, આ પ્રથમ વરસાદ છે,
વૃક્ષને અનહદ વહાલો, આ પ્રથમ વરસાદ છે.

કેમ મહેંકે છે ધરા પહેલા ટીપાના સ્પર્શથી,
પુછ મા એવા સવાલો, આ પ્રથમ વરસાદ છે.

દેડકો, કોયલ, બપૈયા, સુર છેડે છે ભીના,
રાજવી એનો રસાલો, આ પ્રથમ વરસાદ છે.

જે અભણ હો' એય પણ વાંચી શકે એને સહજ,
નેહ નીતરતી ટપાલો, આ પ્રથમ વરસાદ છે.

આભથી ટપકેલ અમૃત તરબતર કરશે બધું,
તું ભરી પી લે પીયાલો, આ પ્રથમ વરસાદ છે.

**.7.**

એટલે તો આ ખુણામાં ક્યાંય અંધારું નથી,
તેં ધર્યો દીપક, ભલેને કોડીયું તારું નથી.

ગાલ જેવો હોય છે કોમળ સહારો હર વખત,
કોઈ ટીપું અશ્રુનું ક્યારેય નોધારું નથી.

કેટલાં વ્હાણો સ્મરણનાં આવ-જા કરતાં રહે,
ને છતાં આ મન કંઈ બંદર નથી, બારું નથી.

છે મમત ઘરમાં મને પ્રત્યેક વસ્તુની છતાં;
હું સતત મનને મનાવું છું : કશું મારું નથી.

સાચવી છે કૈંક વાદળની પીડાઓ સામટી,
નીર દરીયાનું અકારણ આટલું ખારું નથી.

**.8.**

બધાની આંખ આગળથી અમે નીકળી જવાના
અગર જો રોકશો, છળથી અમે નીકળી જવાના.

તમારી ભુલ છે કે મત્સ્ય માની જાળ નાખી
બનીને બુદબુદા, જળથી અમે નીકળી જવાના.

કરીને લાખ કોશીશ કેદ ના થઈશું કદી પણ
ઉઘાડી બારણાં, કળથી અમે નીકળી જવાના.

ગતી ખુશબુ સમી છે ઉર્ધ્વગામી એટલે તો
પવન સંગાથ, ભુતળથી અમે નીકળી જવાના.

અમારી જાત શબ્દોની નહીં, સ્વરની બની છે
હશું કંઠે, જો કાગળથી અમે નીકળી જવાના.

**.9.**

મને પ્રત્યેક ગમતી ક્ષણ ગઝલમાં લઈને આવ્યો છું,
ઘણી વાતો તમારી પણ, ગઝલમાં લઈને આવ્યો છું.

સતત ચાહી છે કુદરતને પુરી નીષ્ઠાથી જીવનમાં,
નદી, પર્વત ને તપતું રણ, ગઝલમાં લઈને આવ્યો છું.

શીલાલેખો, ગીરી ગીરનાર, દામોકુંડ, કેદારો
જુનાગઢની ધરાના કણ, ગઝલમાં લઇને આવ્યો છું.

સમજપુર્વક હકીકતને જુદી, આભાસથી પાડી
અરીસામાં પ્રગટતો જણ, ગઝલમાં લઇને આવ્યો છું.

નથી મારી ખુબી એમાં, લખાવે છે કૃપા એની,
સતત એ વાતની સમજણ, ગઝલમાં લઇને આવ્યો છું.

**.10.**

માર્ગ રચનારા બધાનો અંત દેખાશે તને,
સ્હેજ ધીરજ ધર સફરનો અંત દેખાશે તને.

દૃશ્ય ને દ્રષ્ટાની વચ્ચેનો ભેદ સમજી લે પ્રથમ,
દૃશ્ય સઘળાં પછી જીવંત દેખાશે તને.

તું હકારાત્મક નજરથી મળ, મળે તું જેમને,
શક્ય છે પ્રત્યેક જણમાં સંત દેખાશે તને.

વાત મારી લાગણીની હું નથી કરતો છતાં;
તું ગઝલ મારી સમજ સાદ્યાંત દેખાશે તને.

એ અગર આંખોની સામે હોય ના તો શું થયું ?
કર સ્મરણ એનું તો મુર્તીમંત  દેખાશે તને.

## .11.

## કવીના મૃત્યુ પર યમરાજાનો સંદેશ

કવીના ગામ મધ્યે જઈ, કવીના પ્રાણ લઈ આવો,
કવન અકબંધ રહેવા દઈ, કવીના પ્રાણ લઈ આવો.

ફુલોથી પણ વધુ નાજુક કવીનું ઘર છે સમજીને,
સુકોમળ ઓસ જેવા થઈ, કવીના પ્રાણ લઈ આવો.

પડે વીક્ષેપ ના સ્હેજે કવીની ગાઢ નીદ્રામાં,
ચરણને મૌન રહેવા કહી, કવીના પ્રાણ લઈ આવો.

પ્રતીક્ષારત હશે શબ્દો જવા ઘરમાં ગરીમાથી,
અદબથી સાથ એના રહી, કવીના પ્રાણ લઈ આવો.

ખજાનો છે ખરેખર સ્વર્ગ માટે પણ મહામુલો,
જતનપુર્વક ને સાવધ રહી, કવીના પ્રાણ લઈ આવો.

કલમ હો હાથમાં તો બે ઘડી દ્વારે ઉભા રહેજો,
રજા મા શારદાની લઈ, કવીના પ્રાણ લઈ આવો.

## .12.

એ તરફ રસ્તા હવે વળતા નથી,
આપણે બસ, એટલે મળતા નથી.

આયનાના છે ઉપાસક આ બધા,
સુર્ય માફક રોજ ઝળહળતા નથી.

એક દરીયો આપણી અંદર વહે,
ઝાંઝવાં વચ્ચેય ટળવળતાં નથી.

આંખ અજવાળામાં ઉઘડી ગઈ, અખા !
કોદરા તલમાં હવે ભળતા નથી.

આઠમો સુર જેમણે સાધી લીધો,
એ ષડ્જ ગંધાર સાંભળતા નથી.

*ઉર્વીશ વસાવડા*


કવી–સમ્પર્ક:

**આશીર્વાદ એક્સ–રે ક્લીનીક, ચીતાખાના ચોક, જુનાગઢ - ૩૬૨ ૦૦૧**

ફોન - (0285) 267 1641 મોબાઈલ - 98242 95259 Email: urvishju@gmail.com


## કવી-સર્જન:

**1. ‘ટહુકાનાં વન’ ગઝલસંગ્રહ, પ્રથમ આવૃત્તી-2006, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 100**

**2. ‘પુષ્પનો પગરવ’ ગઝલસંગ્રહ, પ્રથમ આવૃત્તી-2011, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 100**

**3. ‘ગિરનાર સાદ પાડે’ તથા ‘ઉત્તંક’ દીર્ઘ કાવ્યોનો સંગ્રહ, પ્રથમ આવૃત્તી-2011, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 80**

**4. 'નાનીલુ' તેલુગુ કાવ્યોનો અનુવાદ, પ્રથમ આવૃત્તી-2011, પ્રકાશક: વનરાજ પટેલ, મીડીયા પબ્લીકેશન, 103-4, મંગલમુર્તી, કાળવાચોક, જુનાગઢ, મૂલ્ય રૂ. 60**

@@@

'સન્ડે –મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષઃ સાતમું - અંક : 241 – April 08, 2012

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકનઃ શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@@@

**More than 1,31,80,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**

**More than 11,80,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**

**More than 2,60,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

@@@@@@@